**નામદારશ્રી ત્રીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ભુજ–કચ્છ.**

***ફોજદારી કેસ નંબર – ૭૬૦/૨૦૨૬***

**ફરિયાદી.. શ્રી સરકાર**

***વિરૂદ્ધ***

**આરોપી.. ઉમરભાઈ અબ્દુલ્લાભાઈ લુહાર,**
ઉ.વ.૪૮, ધંધો–ડ્રાઈવીંગ,
રહેવાસી–નોતીયાર વાસ માતાના મઢ, તા,લખપત–કચ્છ

**આંક :– ૧ લગત હુકમ**

આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે લીગલ સર્વિસ ઓથોરીટી ભુજ ધ્વારા યોજાયેલ સ્પેશિયલ લોક અદાલત સીટીંગમાં કામ હાથ ઉપર લીધું. આરોપીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા વકીલાત પત્ર રજૂ કરી આરોપીની ઓળખાણ આપી હાજર થઈ આ ગુન્હાની કબૂલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી, લોક અદાલત સંબંધે સ્પેશિયલ સીટીંગમાં કબૂલાતને પાત્ર ગુનામાં કબૂલાત લેવાની હોય આ પ્રકારના ગુન્હામાં આરોપી કબૂલ કરવા માંગતો હોય ત્યારે કબૂલાત સંબંધે સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીના વિધ્વાન વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આરોપીએ ગુનો સ્વેચ્છાએ કબૂલ કરેલ છે આરોપીનો આ પ્રથમ ગુનો છે, તથા તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. જેથી આરોપીને સજા કરતી વખતે રહેમ દ્દષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. આરોપીના વિધ્વાન વકીલશ્રી દ્વારા કરેલ ધારદાર રજૂઆતોને ધ્યાને લઈ, નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટરવભાઈ હરીચંદ્રજી ઠાકોરનાં રિપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપનાં ગુનામાં આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા તથા આરોપીના વિધ્વાન વકીલશ્રીની ધારદાર રજૂઆતો તથા રજૂ કબૂલાત પુરશીસ ધ્યાને રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને **બી.એન.એસ.ની કલમ–૨૮૧ એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબ**નાં ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચ સો પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **દિન–૦૨** ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતની સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– ભુજ–કચ્છ.

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
ત્રીજા અધિક ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ
ભુજ–કચ્છ. કોડ નંબર–૧૨૮૯